

# સુવર્ણ કૂવો

સનાતન હિંદુ ધર્મ  એટલે દિવ્યતા અને અલૌકિકતાનો ખજાનો. અગોચરનું અણદીઠું આકાશ.એની તરફ જયારે મીંટ માંડીએ છીએ ત્યારે અમૂલ્ય પ્રાપ્તિનો આનંદ અને આશ્ચર્ય પણ થાય છે. એ આનંદ જીવનપટ પર ચિરકાળપર્યંત રહે છે. પરમ દિવ્ય, અલૌકિક અને અગોચર પરબ્રહ્મ પરમાત્મા વિશે કંઇક જાણ્યાનો અનુભવ થાય છે. એટલું જ નહીં પરમાત્મા સાથે જાણે આત્મીયતાનો નાતો જોડાયાનો શાશ્વત  અનુભવ  સમસ્ત  આયખાને-અસ્તિત્વને દિવ્યાનંદતી આર્દ્ર કરી દે છે.

ભગવાન જગન્નાથનું સ્વરૂપ હિન્દુ ધર્મની અતૂટ આસ્થા છે એની વાતો જયારે  સાંભળીએ છીએ તેમ જયાં ભગવાન જગન્નાથ સ્વયં સાક્ષાત્ બિરાજે છે તે  જગન્નાથપુરી  તરીકે ઓળખાય છે.

આ જગન્નાથપુરીનાં દર્શન કરવા કયારે જવાશે, જવાશે કે નહીં જવાય તે તો જગન્નાથ જાણે પણ જયારે આ વાત આ કલમ  દ્વારા  વ્યકત  કરાઇ રહી છે. તેમાં ભગવાન જગન્નાથ સ્વયં સૂક્ષ્મ રૂપે વ્યકત  થાય છે. એટલું જ નહીં તેમની જ પ્રેરણા હશે એમ લાગે છે. તે મને અને આપ સૌ વાચકોને પણ સૂક્ષ્મ રૂપે જોઇને તેની કૃપા વરસાવી રહ્યાં છે તેમ હું માનું છું. મને એવો ભાવ જાગે છે.

ભગવાન જગન્નાથની રથયાત્રા અને જેઠ મહિનાની પૂર્ણિમા  નજીક જ છે તેવા સમયે આ ભાવ, આ વાત રજૂ કરાઇ રહી છે તે પ્રાસંગિક બની રહે છે. ભગવાન તો અંતર્યામી છે. આપણા અંતરનો ભાવ એ અંતર્યામી સુધી પહોંચશે જ તેમાં કોઇ શંકા નથી.

ભગવાન જગન્નાથની એક અલૌકિક વાત એ છે

**દર વર્ષે જેઠ મહિનાની પૂર્ણિમા -પૂનમના દિવસે જગન્નાથ માટે જાહેર સ્નાનનું આયોજન કરવામાં આવે છે. આ સ્નાન માટે જરૂરી પાણી જગન્નાથ  મંદિરના ઉત્તર દરવાજા પાસેના કૂવામાંથી લેવામાં આવે છે. સ્નાન માટેનું પાણી એક હજાર આઠ ઘડામાંથી લેવામાં આવે છે. આ કૂવાને સુવર્ણ કૂવો કહેવામાં આવે છે. આ કૂવાની ખાસ વાત એ છે કે તે આખું વર્ષ સૂકો રહે છે.**

ત્યારે એવું લાગે છે કે પરમાત્મા જાણે સાક્ષાત્ મળી ગયા. ભલે આપણે તેમને આપણાં ચર્મચક્ષુથી જોઇ નથી શકતાં પણ તેની અવનવી દિવ્ય વાતો આપણા અસ્તિત્વને પ્રસન્નાથી છલકાવી દે છે. થોડાક સમય પહેલાં સોશ્યલ મીડિયા દ્વારા ભગવાન જગન્નાથની એક વાત જાણવા મળી તે શ્રદ્ધાળુઓની જાણ ખાતર અત્રે રજૂ કરું છું.  પ્રાપ્ત માહિતી અનુસાર દર વર્ષે જેઠ મહિનાની પૂર્ણિમા -પૂનમના દિવસે જગન્નાથ માટે જાહેર સ્નાનનું આયોજન કરવામાં આવે છે. આ સ્નાન માટે જરૂરી પાણી જગન્નાથ  મંદિરના ઉત્તર દરવાજા પાસેના કૂવામાંથી લેવામાં આવે છે. સ્નાન માટેનું પાણી એક હજાર આઠ ઘડામાંથી લેવામાં આવે છે. આ કૂવાને સુવર્ણ કૂવો કહેવામાં આવે છે. આ કૂવાની ખાસ વાત એ છે કે તે આખું વર્ષ સૂકો રહે છે. એમાં એક ટીપું પણ પાણી નથી હોતું. પરંતુ સ્નાનના આગલા દિવસે તે આપોઆપ છલોછલ ભરાઈ જાય છે. આ કૂવામાંથી પાણી ખેંચવામાં આવે છે અને ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રાને સ્નાન કરાવવામાં આવે છે. બીજા દિવસે આ કૂવો આપમેળે સૂકાઇ જાય છે. પાણીનું એક ટીપું એમાં નથી રહેતું. આજ સુધી કોઇને ખબર નથી પડી કે પાણી કયાંથી આવે છે અને કયાં જાય છે. આ કેટલી અદ્ભુત અને દિવ્ય ઘટના છે. ભક્તોનું માનવું છે કે આ  પાણી વૈકુંઠમાં આવેલી વિરજા નદીમાંથી આવે છે.

ભગવાન જગન્નાથની દિવ્ય વાતોમાંની આ એક છે. મૂર્તિમાં બિરાજતા ભગવાન કેવળ કોઇ પત્થરની મૂર્તિ નથી. એ સાક્ષાત્ ભગવાન જગન્નાથ બિરાજે છે. જે ભૂમિ પર  તેઓ બિરાજે છે તે જગન્નાથપુરી તરીકે ઓળખાય છે. જેમ દ્વારકાધીશના નામે દ્વારકા ઓળખાય છે. ગોકુળ, વૃંદાવન કૃષ્ણનું ધામ ગણાય છે કે મંદિરમાં ભક્તો માટે  પ્રસાદ તૈયાર થાય છે તે કદી કયારેય ખૂટતો જ નથી. ચૂલા પર સાત પાત્રો ચડાવવામાં આવે છે. તેમાં સૌથી ઉપરના પાત્રનો પ્રસાદ સૌથી  પહેલાં તૈયાર થાય છે. મંદિરની ધજા પવનની વિરુધ્ધ દિશામાં ફરકે છે. એટલું જ નહીં મંદિરના શિખર પરથી કોઇ પક્ષી કદી ઊડતું  નથી. જાણે ભગવાનની આમન્યા કુદરત પણ રાખે છે.

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

ઉપરોક્ત પ્રસંગના અનુસંધાનમાં થોડુંક ચિંતન કરતાં એમ પ્રતીત થાય છે કે એક હજાર આઠ ઘડા એક હજાર આઠ જપના પ્રતીક હોઇ શકે. ભક્તોની જે માન્યતા છે કે આ પાણી વૈકુંઠમાં આવેલી વિરજા નદીમાંથી આવે છે. ભગવાન વૈકુંઠમાં બિરાજે છે. ભક્તોના ઉદ્ધાર માટે, ભક્તોની શ્રદ્ધામાં અભિવૃદ્ધિ કરવા તેઓ જગન્નાથપુરીમાં આવીને વસ્યા છે અને વસે છે. તેઓ મૂર્તિમંત ભલે છે પણ સાક્ષાત્ છે તે વાત વિરજા નદીમાંથી આવતાં પાણી સંદર્ભે સમજાય છે.

આપણામાં એક કહેવત છે કે ‘અપના હાથ જગન્નાથ’ અર્થાત્ વ્યકિતના હાથમાં પુરુષાર્થમાં ભગવાનની દિવ્ય શક્તિ  રહેલી છે. જે વ્યકિત પુરુષાર્થ કરે છે તેને ભગવાનની સહાય અવશ્ય મળે છે. જયારે માનવીના પુરુષાર્થમાં ભગવાનની સહાય મળે છે ત્યારે તે સફળતા પામે છે. પુરુષાર્થમાં જયારે શ્રદ્ધા ભળે છે ત્યારે તે સિદ્ધિનાં ઉત્કૃષ્ટ શિખરો સર કરે છે.

આપણે સૌ પ્રાર્થના કરીએ કે હે નાથ, અમારા પુરુષાર્થમાં આપની સહાય અમને સૌને સદાય મળતી રહે એટલું જ નહીં, સમસ્ત વિશ્વમાં શાંતિ પ્રસ્થાપિત થઇ જાય એવી અભ્યર્થના સાથે  રથયાત્રા અને જેઠ સુદ પૂર્ણિમાના પર્વ  નિમિત્તે ભગવાન જગન્નાથના ચરણકમળમાં  પ્રણામ કરીએ.

સોશિયલ મીડિયાના આધારે સાભાર ભવાનુવાદ.

# માનવતાથી મોટો કોઈ ધર્મ નથી- સંત કબીર



**સદગુરુ કબીર સાહેબ દેશનું વ્યાપક ભ્રમણ કરતા કરતા ગુજરાતમાં શુકલતીર્થ નજીક રોકાયા હતા જેની સાક્ષી રૂપે ત્યાં આજે પણ કબીરવડ હયાત છે**

સૂર્યપુત્રી તાપી નદીના તટે વસેલા સુરતની ભૂમિ વિવિધ કાળખંડમાં વિવિધ ધર્મ, સંપ્રદાયના  સિદ્ધ  સંતો,  અવતારી વિભૂતિઓ, સંન્યાસીઓની ચરણરજથી પાવન થઈ છે. તેમાં એકાત્મતાના પ્રખર આરાધક સંત શ્રી કબીર સાહેબનો પણ સમાવેશ થાય છે. જેમની જેઠ સુદ પૂનમે જન્મ જયંતી છે. અંદાજે 600 થી વધુ વરસો અગાઉ મધ્યકાલીન સમયમાં દેશમાં જ્યારે ધર્માંધતા,  અસહિષ્ણુતા, સામાજિક અસમાનતા, પરસ્પર કલહ,શોષણ જેવા દૂષણો વ્યાપ્ત હતા ત્યારે સંત મતના ભક્તિ આંદોલન સમયે સંત કબીરદાસે પરસ્પર પ્રેમ,એકતા,માનવતા માટે સરળ,સહજ,લોક ભાષામાં આપેલા માર્મિક બોધનો પ્રભાવ આજે પણ છે. તેમના સમયગાળાના તથા તે પછી થયેલા સંતકવિઓ  અનુયાયીઓ ની રચનાઓમાં સદગુરુ સંત શ્રી કબીરદાસની વાણીનો,બોધનો પ્રભાવ જોવા મળે છે.આજે પણ તેમના દોહા, ચોપાઈઓ સાહિત્યમાં, લોકબોલીમાં ઉદાહરણ તરીકે વપરાય છે. આધ્યાત્મના ઊંડા, ગહન વિષયો પણ કબીર સાહેબે તેમની સરળ,માર્મિક વાણીમાં ખુબ સુંદર રીતે વણી લીધા હતા. શ્રી કબીર સાહેબના સૃષ્ટિનો  ઉદભવ,વિકાસ,માયાના સ્વરૂપ,સાધના સમાજવાદને આવરી લેતા પદો ચીરસ્મરણીય છે.”હિંદુ મુસલમાં કે બીચ મેં મેરા નામ કબીર,જીવ મુકતાવના કારણે અવિગત ધરા શરીર.હિંદુ કહો તો મેં નહીં, મુસલમાન ભી નાહિં,પંચતત્ત્વ કા પૂતલા  ગૈબી ખેલે માંહિ”. તેઓ ધર્મ ભેદમાં માનતા નહોતા. માનવતા અને પ્રેમ સૌથી મોટો ધર્મ છે અને તેને અનુસરવું જોઈએ.

“મન નિર્મલ ગુરુ નામસે,યા સંતન કે પાય ગુરુ નામ પ્રગટ હોતે યહ મન સ્વયં નિર્મલ હોને લગા.”સાહેબ મેરા એક હૈ, દુજા કહા ન જાય.” માનવ જાતિનો ઈશ્વર એક જ છે ભલે અલગ અલગ લોકો તેને જુદા જુદા નામથી ઓળખતા હોય. ઈન્સાનિયત થી મોટો કોઈ ધર્મ નથી. સદગુરુ કબીરજીના મતે- સત્કાર્યો કરનાર સારો અને અસામાજિક કામો કરનાર ખરાબ, એમાં જાતિ ક્યાં આવે? કબીરજી કહેતા કે ‘માણસ આ ધરતી પર પ્રેમ અને વિશ્વાસની પૂજી સાથે જન્મે છે. આપણા ઉચ્ચતમ આદર્શો,સિદ્ધાંતો તથા પરમાત્મા પ્રત્યેના અખૂટ વિશ્વાસથી જ સફળતા મળે છે.કબીર સાહેબ ની વાણી સાખી,શબદ રમૈની માં સંગ્રહિત છે. અનેક સાખીઓમાં પરમાત્મા માટે કબીર સાહેબે વાપરેલો શબ્દ ‘રામ’ નિરાકારી બ્રહ્મનું પ્રતીક છે. સંત કબીર ગુજરાતમાં પધાર્યા હતા.  સદગુરુ કબીર સાહેબ દેશનું વ્યાપક ભ્રમણ કરતા કરતા ગુજરાતમાં શુકલતીર્થ નજીક રોકાયા હતા જેની સાક્ષી રૂપે ત્યાં આજે પણ કબીરવડ હયાત છે.પ્રાપ્ત માહિતી મુજબ સંત કબીર સાહેબ તેમના જીવનકાળમાં ગુજરાતની મુલાકાતે બે વખત આવ્યા હતા જે દરમિયાન તેમણે ગીર, દ્વારકા,સોમનાથ,પાટણ વડોદરા,ભરૂચ અને સુરતની મુલાકાતે પધાર્યા હતા.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**

સુરતને લીલા ભૂમિ, કર્મભૂમિ બનાવનાર સિદ્ધ સંત શ્રી નિર્વાણ બાબા સાથે સત્સંગ કર્યો હતો સદગુરુ શ્રી કબીર સાહેબની સુરત મુલાકાત અંગે ડૉ શ્રી રમેશચંદ્ર ઘંટીવાલા દ્વારા લખાયેલ ‘પૂજ્ય સંત શ્રી નિર્વાણ સાહેબની જીવન ઝરમર’નામના ગ્રંથમાં વિગતે માહિતીપ્રદ વર્ણન કર્યું છે જેનો ટૂંકો ભાવાર્થ અત્રે સાભાર રજૂ કરીએ છીએ.’સંત કબીર ને મળવા ગયેલા સંત શ્રી નિર્વાણ બાબાને જોતાં જ સંત કબીર પોતાના આસન પરથી ઊભા થયા અને સંત શ્રી નિર્વાણ બાબાના ચરણકમળમાં વંદન કરવા તેમની પાસે દોડી ગયા પરંતુ સંત શ્રી નિર્વાણ બાબાએ સંત કબીર ને પોતાના ચરણ કમળમાં વંદન કરતા અટકાવ્યા અને તેમને પોતાની છાતી સાથે લગાડી દીધા.સંત કબીરે શ્રી નિર્વાણ બાબાનો હાથ પકડી પોતાના આસન પાસે જ બેસાડ્યા.સંત શ્રી નિર્વાણ બાબા સિધ્ધપુરુષ છે તે સંત કબીર પામી ગયા હતા અને કબીર સાહેબે વાણી ઉચ્ચારી,

સંતન કો મહિમા બડો, દુર્લભ સંત દીદાર, સાહિબ કબીર નૈના દિખે, તાહિકા બેડા પાર.’- અવિગતના અંશમાંથી જેમનું પ્રાગટ્ય થયું એવા જન્મ- મરણના ફેરામાંથી મુક્ત કરાવનાર સદગુરુ કબીર સાહેબના જેમણે એકવાર દર્શન સાચા હૃદયથી કર્યા એના જીવનો બેડો પાર થઈ ગયો એમ સમજો.’ કબીરવડ ખાતે કબીર સાહેબ સાથેની મુલાકાતને અંતે શ્રી નિર્વાણ બાબાએ કબીરજીને સુરતના અતિથ્યધામ માં પધારવા માટે નિમંત્રણ પાઠવતા કહ્યું કે, ‘સાહિબ બડે દયાનિધિ, રખો સંતન કો ટેક,પ્રેમે એક દિન આઈયા,લિખો નિરબાન બિબેક.’

-વચન નિભાવવા સંત કબીર સુરત પધાર્યા-

એ પછી સંત કબીર સાહેબ શ્રી નિર્વાણ બાબાને આપેલું વચન પાળવા સુરત શ્રી નિર્વાણના ધામમાં પધાર્યા તેમનું ભાવભર્યું સ્વાગત  કર્યું.તે રાત્રિ પૂર્ણિમાની રાત્રિ હતી. ભજનાનંદની ધૂન જામી હતી ત્યાં ઉપસ્થિત સાધુ,સંતો,ભજનનિકો સંત કબીર સાહેબને ઓળખી શક્યા ન હતા એટલે શ્રી નિર્વાણ સાહેબે મઘાતેલી નામના માણસને દિવ્ય દ્રષ્ટિ આપી અને તેથી તેઓ સંત કબીરને ઓળખી ગયા.સંત કબીરે સાધુ સમાજમાં માનદ્ પદવી ગણાય એવા શબ્દ “સાહેબ”દ્વારા સંત નિર્વાણ બાબાને સંબોધ્યા.સાધુ સમાજે ત્યારબાદ બાબા નિર્વાણને ‘નિર્વાણ સાહેબ’ નામથી જ બિરદાવ્યા. પૂર્ણિમાની રાત્રિએ સંત કબીરે તથા સંત શ્રી નિર્વાણ સાહેબે અનેક ભજનો લલકાર્યા.રામપંથી સાધુને ‘સાહેબ’ ન કહેવાય પરંતુ સદગુરુ કબીર સાહેબે જ સંત નિર્વાણ ને ‘સાહેબ’ નામથી જ સંબોધ્યા. તેઓએ એવું પણ જણાવ્યું કે,’હવેથી તમને સૌ શ્રી નિર્વાણ ‘સાહેબ’ શબ્દથી જ સંબોધશે.સંત શ્રી નિર્વાણ સાહેબ અને સંત કબીર સાહેબ વચ્ચે જ્ઞાન ગોષ્ઠિ પણ થઈ. આખી રાત સત્સંગમાં પસાર થઈ.પ્રાતઃકાળે સંત કબીર સાહેબે શ્રી નિર્વાણ સાહેબની વિદાય માંગી.શ્રી નિર્વાણ સાહેબે સંત કબીરના ચરણ કમળમાં ઝૂકીને વંદન કર્યા.

સંત કબીરે તેમને ઉભા કરી છાતી સાથે ચાંપ્યા ખૂબ ભાવપૂર્વક વહેતી અશ્રુ ધારા વચ્ચે સંતનિર્વાણ સાહેબે સંત કબીર ને કહ્યું,’ સાહિબ તમે મારા હૃદયમાં હર હંમેશા વાસ કરજો.જગતમાં સત્યનો જય થાય અને અસત્યનો પરાજય થાય તથા લોકો નીતિમય જીવન  જીવે એ જોવાનું કામ સાચા સંતોનું છે.બંને સંતો ફરી ભેટયા અને જોતજોતા માં શ્રી કબીર સાહેબ ત્યાંથી અન્ય સ્થળે જવા નીકળી ગયા.બંને વચ્ચેના સંતસમાગમ અંગેની પંક્તિઓ નીચે મુજબ મળે છે.

‘સાહિબ મોરે દિલમેં બસો,આદિઅદલી કબીર,
ન્યારે મત નિર્બોન સે પ્રગટ રહો ગુરુ પીર,
સંત કબીર સમાગમા સાહિબ લિખે નિરબાન,
‘દુલા’ તા દિન સાધકો, સાહિબ નામ બખાન.”